
પ્રકૃતિ પર નિર્માણ
એન્ટોની ગાઉદિ નું જીવન




રેશેલ રોડ્રિગ્સ ચિત્ર: જુલી પેશ્ચકિસ

સ્પેનના એક નાના ગામમાં એન્ટોની ગાઉદિ નામનો એક છોકરો રહેતો હતો. એ કેટેલોનીયાથી હતો. એ ઊંચા પર્વતના શિખરો, ચાંદી જેવા સફેદ અને ચમકતા જૈતુનના ઝાડ, અને ચળકતા સમુદ્રનું સ્થાન હતું. આ અસાધારણ પ્રાકૃતિક સૌંદર્ય ઊંડી છાપ છોડે છે. એ છોકરો એને પ્રકૃતિનું વિશાળ પુસ્તક માનતો હતો, જેને એ એનું આખું જીવન વાંચવાનો હતો.

ગાઉદિ એક વાસ્તુકાર બન્યો. એ બધા નિયમો શીખ્યો જે પ્રમાણે મકાનના ઢાંચા અને માળખાં બનાવવામાં આવે છે. પણ એને તો પ્રકૃતિના રંગ અને આકાર પ્રેરિત કરતા હતા, એટલે એણે એને જ એના મકાનોમાં સામેલ કર્યા. ગાઉદિએ બનાવેલા મકાનોમાં દીવાલો પર પાંદડા ચઢતા દેખાતા. થાંભલા પશુઓના વિશાળ પગ જેવા દેખાતા. એક લાંબી, ઘુમાવદાર બેન્ચ મેદાનમાં સાપની જેમ પ્રસરેલી મળતી.

એન્ટોની ગાઉદિએ પ્રકૃતિને કલામાં બદલી, અને એવું કરવામાં એણે વાસ્તુશિલ્પની દુનિયામાં ક્રાંતિ લાવી દીધી.



પ્રકૃતિ પર નિર્માણ
એન્ટોની ગાઉદિ નું જીવન

રેશેલ રોડ્રિગ્સ ચિત્ર: જુલી પેશ્ચકિસ



પાપી અને દાદી માટે
-આર. આર.



રેશલ શેડ માટે
-જે. પી.



સ્પેનના એક નાના ગામમાં એન્ટોની ગાઉદિ નામનો એક છોકરો રહેતો હતો.

એને માટે કેટેલોનીયાજ આખી દુનિયા હતી. ઊંચા પર્વતની ટોચ આકાશને આંબતી હતી. ચાંદી જેવા સફેદ જૈતુનના ઝાડ હવામાં હિલોળા લેતા હતા. અને વાદળી સમુદ્ર ચળકતો હતો.







નાનો ગાઉદિ ઘણીવાર માંદો રહેતો હતો. એના હાડકાં અને સાંધા દુઃખતા હતા. એ એના બહેન અને ભાઈ સાથે દોડી અને રમી શકતો ન હતો.

પણ ગાઉદિ પાસે વસ્તુઓની નોંધ લેવા માટે ઘણો સમય હતો. એ એની અચરજ ભરેલી આંખોથી દુનિયાને જોતો હતો. એની ચારે બાજુ એને પ્રકાશ, આકાશ, અને આકાર દેખાતા. પ્રકૃતિ એને માટે એક વિશાળ પુસ્તક જેવી દેખાતી હતી. એ આ પુસ્તકને જીવનભર વાંચવાનો હતો.







ગાઉદિના પિતા તાંબા અને આગ સાથે કામ કરતા હતા. એની માઁ નો પરિવાર પણ ધાતુકામ કરવાવાળો હતો. એ ઘણી વાર ધાતુના સપાટ ટૂકડાને એવા આકારોમાં બદલાતા જોતો જે અંદરથી પોલા હોય.



ગાઉદિની તબિયત ધીરે-ધીરે સુધરી. બે છોકરાઓ સાથે એની દોસ્તી થઇ. ત્રણેયે ભેગા મળીને એક પ્રાચીન મઠમાં શોધખોળ કરી. ગાઉદિએ એ ખંડેરના પુનઃનિર્માણના સપના જોયા.



હાઇ સ્કૂલ પૂરી કર્યા પછી ગાઉદિ સ્થપતિ બનવા બાર્સેલોના ગયો. ત્યાં એણે મહત્વપૂર્ણ સ્મારકોનું અધ્યયન કર્યું. પુસ્તકાલયોમાં વાંચન કર્યું. અન્ય વાસ્તુકારોએ એને ભણાવ્યો.

ગાઉદિ એ દિવસોમાં સુંદર લાંબી હેટ અને કોટ પહેરતા હતા. એ ઓપેરા જોતા અને ચર્ચ પણ જતા. એણે એના ટેબલની રૂપરેખા પોતે બનાવી. એણે શહેર માટે વીજળીના થાંભલા બનાવ્યા.



થોડા સમયમાં બીજા લોકોએ પણ ગાઉદિને એને માટે નિર્માણ કરવાનું કહ્યું.

ગાઉદિની પહેલી મોટી પરિયોજના વિસેન્સ હાઉસ હતી.



એમાં બધે ટાઇલ્સ પર ઝેનીઆના ફૂલ ખીલેલા હતા. ઘર જાણે રંગોના ચીતરેલા પાટિયા જેવું લાગતું હતું. વટેમાર્ગુ ઉભા રહીને જોતા રહેતા હતા. એને ગાઉદિના ચમકતા રંગોની ટેવ ન હતી.

ગાઉદિ પ્રકૃતિને ઘરની અંદર લઇ આવ્યા હતા.



દીવાલો પર પાંદડા ચઢતા હોય એવું લાગતું.

ઉપર ચેરી લટકતી હતી.

પક્ષીઓ ચક્કર મારીને આકાશમાં ઉડી જતા હોય એવું લાગતું.



ગાઉદિ એક સાથે ઘણી પરિયોજના પર કામ કરતા. એણે હોલી ફેમિલી ચર્ચની ડિઝાઇન બનાવવાનું શરુ કર્યું. વર્ષો સુધી એણે એના સપના જોયા અને પછી એને સાકાર રૂપ આપ્યું. એની આસ્થાએ એના કામને પ્રેરણા આપી.

ગાઉદિ માટે નિર્માણ કરવું એ બહુ ગંભીર વાત હતી. એ બધું સચોટ હોય એવું ચાહતા હતા. પણ એ એની કલ્પનાને સાકાર કરવામાં ગભરાતા ન હતા.




દર વખતે જયારે મહેમાન દરવાજો ખટખટાવતા, ત્યારે એની નીચે એક માંકડ કચડાઈ જતો.


દરવાજામાં ડોકિયાં કરવાનું બાકું મધપૂડા જેવું લાગતું.




ગાઉદિ લોકોને એની બારીકમાં બારીક રચનાને જોવા માટે ઉકસાવતા હતા.



એણે એના એક મિત્ર ગુએલના ગામના ઘર માટે બહારના દરવાજાની રૂપરેખા બનાવી. સમચતુર્ભુજ અને ચોરસ આકાર પર એક ડ્રેગન બેઠેલો હતો, એના તીક્ષ્ણ દાંત અને લબકારા મારતી જીભ દેખાડતો. ગાઉદિની રચનાઓ દિવસેને દિવસે વધારે સાહસિક બનતી ગઈ.



શહેરમાં ગુએલના ઘર માટે ગાઉદિએ એક વણાંકવાળું ઢલાણ બનાવ્યું, જે ભંડકિયાના તબેલા તરફ જતું હતું. ઘોડા એ રસ્તેથી નીચે જતા હતા. ઉપર એક ગુંબજ આકારના છતમાંથી રોશની આવતી હતી. પરિવાર એના દીવાનખાનામાં આકાશના તારાની મજા લઈ શકતા હતા.




તમે એક ભૂગર્ભ દેવઘર કેવી રીતે બનાવશો? ગાઉદિએ આ સમસ્યાનું અધ્યયન દસ વર્ષો સુધી કર્યું. એણે એક ઉંધીચત્તી પ્રતિકૃતિ બનાવી જે ચામાચીડિયાની વસાહત જેવી લાગતી હતી.






ગાઉદિએ એ શીખ્યું કે કમાનો અને સ્તંભ કેવી રીતે કામ કરે છે. એને ઊંધા કરીને કોલોનિયાનું મડદા દાટવાનું ભોંયરું બનાવ્યું.



કાસા બાતલો માં એણે જે દીવાલમાં તાપણું બનાવ્યું હતું, એ એક બિલાડીના ટોપ નીચે સંતાયેલું હતું. રૂમ વચ્ચેનો ચાલવાનો માર્ગ એવો લાગતો હતો જાણે સમુદ્ર નીચે ગૂફા હોય. અને આખું ઘર સમુદ્રની જેમ ચમકતું હતું.



છતની કમાનો ડ્રેગનની કરોડરજ્જુ લાગતી હતી. થાંભલા પશુઓના વિશાળ પગ જેવા અને છજ્જા હાડકા જેવા લાગતા હતા.



ગોળાકાર દીવાલો સાપની મુલાયમ ચામડી જેવી લાગતી હતી, અને મિનારો એક તલવાર જેવો, જે એક પશુનો વધ કરી રહી હોય.

ગાઉદિની ભવ્ય કલ્પનાના મરોડ જોઈને લોકો આશ્ચર્યમાં ગરકાવ થઈને ટગર ટગર જોયા કરતા. પણ બધાને એના બનાવેલા ભવન પસંદ ન હતા. પણ ગાઉદિ એની આલોચના પર જરાય ધ્યાન આપતા ન હતા.

એ કેવળ એના મનનું સાંભળતા હતા.





કાસા મીલામાં તરંગો ઉછળતી હોય એવું લાગતું.

ગોળાકાર રૂમ કોઈ વિશાળ મધપૂડા જેવા.

ગાઉદિ પ્રકૃતિને કળામાં બદલી રહ્યા હતા.


એ છતની ચીમનીને એવી રીતે સજાવતા

જાણે એ ચમત્કારોની દુનિયા હોય.

છતનો આકાર જહાજ જેવો લાગતો.

મહેમાન એના પગ નીચે સમુદ્રની લહેરોની અનુભૂતિ કરી શકતા હતા.





કાસા મીલાને લીધે હંગામો મચી ગયો.

થોડા લોકો તો એને ધિક્કારવા લાગ્યા.

"આ શું છે?" એમણે સવાલ ઉઠાવ્યો.

"કદાચ એક પહાડ," થોડા લોકોએ અનુમાન કર્યું.

"અથવા ભમરીનો માળો."

કદાચ એ રેતીથી બનેલો મહેલ છે,

અથવા એક વિશાળ કેક.

થોડા લોકો કહેતા ગાઉદિએ

બનાવેલું ભવન સડક પર બનેલા બીજા
મકાનો પર હસી રહ્યું છે.

પણ કાસા મીલાએ બધાને આકર્ષિત કર્યા.


પાર્ક ગુએલ ટેકરીની ઢાળ પર બનેલું કલ્પનાલોક જ હતું.
ચોકીદારના કક્ષ જાણે સ્વાગતમાં હાથ હલાવતા હતા.
મોઝેક (જડાઉકામ) ની ગરોળી ચોકીદારી કરતી હતી.



ખેલના મેદાનની ચારે બાજુ બનેલી લાકડાની બેન્ચ સાપની જેમ લહેરાતી હતી.
ગાઉદિના કામદારો જૂની ટાઇલ, કાંચના પ્યાલા
અને રકાબીના ટૂકડા કરી નાખતા.
એનાથી એ બેન્ચને શણગારતા.
ગાઉદિ એની કારીગરીની પ્રશંસા કરતા.



સહેલાણીઓ ગાઉદિની કેટેલોનીયાની
આ પરિકલ્પનાનો ઉત્સવ મનાવવા આવતા.




ગાઉદિની ઉંમર વધતી ગઈ, પણ એ
હોલી ફેમિલી ચર્ચ પર કામ કરતા રહ્યા.
એણે અત્યાર સુધી જેટલા ભવન બનાવ્યા હતા,
એના અનુભવોનો ઉપયોગ કરીને એના અંતિમ
વર્ષો એણે એમાં લગાવ્યા.

એના ઊંચા મિનારા પર
ટાઇલ અને વેનેશિયાન કાંચ જડેલા હતા.
ચર્ચની અંદર પથ્થરના જંગલમાંથી
રોશની ચળાઈને આવતી હતી.

ગાઉદિનું ચર્ચ બાર્સેલોનામાં એક સપનાની જેમ ઝબૂકે છે.





ગાઉદિએ એની પાછળ

બહુ ઓછા લિખિત શબ્દો અને નકશા છોડયા છે.

એની સાહસિક રચનાઓ જ એની શૈલીની
સાબિતી છે.

એ એની વાર્તા કહે છે.

એ દુનિયા માટે ગાઉદિની કવિતાઓ છે.

ગાઉદિના ભવન વણાંકવાળા અને કમાનવાળા છે.

એ ચમકે છે અને ઝગમગાટ પાથરે છે.

એ આનંદથી ગુસપુસ કરે છે.



એ રાહ જુએ છે કે

તમે એને તમારી આંખોથી જુઓ.

લેખકની કલમથી

એન્ટોની ગાઉદિ ઈ કાર્નેટ નો જન્મ 25 જૂન 1852 માં દક્ષિણી કેટેલોનીયા, સ્પેન, માં થયો હતો. એ ત્રણ ભાઈ-બહેનમાં સૌથી નાના હતા. એને બાળપણથી સંધિવાનો રોગ હતો. કિશોરાવસ્થામાં એણે કળા અને વાસ્તુકળામાં રુચિ બતાવી. એ બાર્સેલોનાની કોલેજમાં ભણવા ગયા અને પ્રતિષ્ઠિત વાસ્તુકારો પાસેથી તાલીમ લઈને ઘણું શીખ્યા. બાર્સેલોનાના ઘણા લોકોને એની વિરાસત પર ગર્વ છે, અને એ પોતાને સ્પેનના અન્ય ભાગોથી અલગ અને શ્રેષ્ઠ માને છે. ગાઉદિ પણ આ ગર્વને અનુભવતા હતા અને એટલે દરેક સપ્તાહના અંતમાં એ એક ક્લબ સાથે કેટેલોનીયાના ઐતિહાસિક સ્થાનોને જોવા જતા હતા.

ગાઉદિની પ્રારંભિક પરિયોજનાઓએ ગોથિક શૈલીની સીધી રેખાઓ અને મર્યાદિત સમપ્રમાણતાને નકારી. એનો ટાઇલનો ઉપયોગ, કમાનો અને રોડાંનો ઉપયોગ, અને હર્યા-ભર્યા ચિત્રો, મ્યુદેહાર શૈલીના પ્રભાવનો સંકેત કરે છે. ગાઉદિએ આધુનિક શૈલી અપનાવી હતી જેમાં વમળો અને ઘુમાવદાર રેખાઓ હતી. એને મોડર્નિઝમ અથવા આર્ટ નોવૂ કહેવામાં આવતું હતું. એની વક્ર રેખાઓને જોઈને ફ્રાન્સના આલોચકે એને 'વર્મીસેલી ઈન ડિલિરિયમ' (બારીક સેવનું ચિત્તભ્રમણ) કહ્યું હતું.

ગાઉદિ એની સાથે કામ કરવાવાળા પ્રતિભાશાળી કારીગરોનું સન્માન કરતા હતા. એના સમયથી બહુ પહેલા જ એ વસ્તુઓને પુનઃ ઉપયોગમાં લેતા હતા. એ અને એના કારીગર જૂના કપ, દારૂની બોટલો અને રકાબીઓને તોડીને એનો ઉપયોગ લાદીચિત્રમાં કરતા હતા. પાર્ક ગુએલના બારીક લાદીચિત્ર એમણે આ રીતે જ કર્યા હતા.

જેમ-જેમ એની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય સ્તર પર વધી, ગાઉદિને ન્યુ યોર્ક શહેરની એક ગગનચુંબી હોટલનું રેખાચિત્ર બનાવવાનું આમંત્રણ મળ્યું. દુર્ભાગ્યથી એની એ ડિઝાઇન ક્યારેય સાકાર ન થઈ શકી. ગાઉદિના ચોંકાવનારા આધુનિક કામથી ઘણીવાર વિવાદ પેદા થતા હતા. એની સાહસિક નવીનતા અને પરિચિત આકારોથી હટીને કામ કરવાની શૈલી એના કામના અર્થ પર ચર્ચા પેદા કરતા હતા. 'લા સગરાદા ફેમીલીયા' (હોલી ફેમિલી) ચર્ચ પર આજે પણ સવાલ ઉઠાવવામાં આવે છે. એનું આકર્ષણ અને એને પૂરું કરવું જોઈએ કે નહીં એના પર ચર્ચાઓ થાય છે.

1926 માં ચુમોતેર વર્ષની આયુમાં ગાઉદિને સગરાદા ફેમીલીયા પાસે એક ટ્રામે ટક્કર મારી. થોડા દિવસોમાં જ એનું મૃત્યુ થઈ ગયું. હજારો લોકો એની અંતિમ યાત્રામાં સામેલ થયા. એ એના સ્થાનીય અને પ્રતિભાશાળી પુત્ર અને હીરોને સન્માન આપવા ચાહતા હતા, જેણે પ્રકૃતિથી અને એના કેથલિક ધર્મથી પ્રેરણા લીધી હતી અને નિર્માણની એક નવી ભાષાનું સર્જન કર્યું હતું.

આજે ગાઉદિની સાત ઈમારતોને યુનેસ્કો દ્વારા વૈશ્વિક ધરોહર ઘોષિત કરવામાં આવી છે કારણકે એણે વાસ્તુશિલ્પ તથા નિર્માણના ક્ષેત્રમાં રચનાત્મક યોગદાન આપ્યું હતું. એ છે - કાસા વિસેન્સ (1883-1888); પલાસીઓ ગુએલ (1885-1890); કોલોનીયા ગુએલ ક્રિપ્ટ (1898-1916); કાસા બાતલો (1904-1906); કાસા મીલા (1906-1910); પાર્ક ગુએલ (1900-1914); તથા લા સગરાદા ફેમીલીયા નેટિવિટી ફસાડ તથા ક્રિપ્ટ (1883-1926). આ પુસ્તકમાં ગાઉદિની જે અન્ય કૃતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ છે પ્લાસા રીયાલ, બાર્સેલોના માટે બનાવેલા વીજળીના થાંભલા (1878-1880); કાસા કાલવેટ યે પિન્ટો (1898-1900), જ્યાં દરવાજો ખટખટાવતા નીચે માંકડ કચડાઈ જાય છે; પિંક ગુએલનો ડ્રેગન દરવાજો (1884-1887).

ઘણા લોકો માટે ગાઉદિનું કામ બાર્સેલોનાના ઉદારવાદી અને રચનાત્મક ભાવનું પ્રતિનિધિત્વ કરવા સાથે કેટેલોનીયાની સંસ્કૃતિ અને વિરાસતને લઈને ગર્વના ભાવનું પ્રતીક પણ છે. દર વર્ષે અસંખ્ય સહેલાણી ગાઉદિની અસીમ કલ્પના તથા સાહસિક મૌલિકતાનું સન્માન કરે છે.

